મહેસાણા શહેરમાં નીચાણવાળા વિસ્તારમાં વરસાદના કારણે પાણી ભરાયા

મહેસાણા શહેરમાં ગોપીનાથ અને ભમ્મરીયા નાળા પાણીથી છલકાયા હતા. ગોપીનાળાની દિવાલ એક બાજુ ધસી પડી હતી. મહેસાણા શહેરમાં એક કલાકમાં ૩ ઇંચ વરસાદ પડવા પામ્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાનું આગમન

સૌથી વધુ વરસાદ વડગામમાં ૨ ઇંચ : ૭ તાલુકામાં વરસાદની નો- એન્ટ્રી

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આખરે મેઘરાજાની પધરામણી થઈ છે. હવામાન વિભાગની આગાહીને પગલે જિલ્લામાં વરસાદનું આગમન થયું હતું. જિલ્લામાં સૌથી વધુ વરસાદ વડગામ તાલુકામાં ૨ ઇંચ થયો છે. જોકે, જિલ્લાના ૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહીને પગલે વરસાદનું આગમન થયું હતું. જિલ્લા મુખ્યાલય પાલનપુર સહિત જિલ્લાભર માં હવામાન પલટાયુ હતું. જેમાં અસહ્ય ઉકળાટ બાદ વાદળો ગોરંભાતા સમી સાંજે વરસાદ થયો હતો. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

જિલ્લામાં વરસાદની આગાહી બાદ ૭ તાલુકાઓમાં ઓછા વત્તા અંશે વરસાદ થયો હતો. જેમાં સૌથી વધુ વરસાદ વડગામ માં ૫૦ એમ.એમ. અને સૌથી ઓછો વરસાદ દાંતામાં ૩ એમ.એમ. નોંધાયો હતો. જ્યારે જિલ્લાના બાકી ના ૭ તાલુકાઓ કોરાધાકોર રહેતા વરસાદ નોંધાયો ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ચિલોડા-છાલા પંથકમાં બપોર બાદ મેઘરાજાની જોરદાર એન્ટ્રી

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં જૂન માસમાં બાફ-ઉકળાટ વચ્ચે આકાશમાંથી અચાનક મેઘરાજાની એન્ટ્રી થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી વહેતા થયા હતાં. હાલમાં ખરીફ પાક તરીકે કપાસ અને મગફળીનું વાવેતરમાં વરસાદના આગમનથી પાકોને જીવતદાન મળતાં ખેડૂતોમાં રાહત અને ખુશીની લહેર પ્રસરવા પામી છે.

પિતાનું કોરોનાથી મોત : મોડાસાની જે.બી.શાહ સ્કુલ દિકરીના અભ્યાસનો ખર્ચ ઉઠાવશે

કેળવણી મંડળના માનવતાવાદી અભિગમની કેળવણીકારોએ નોંધ લીધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

કાળમુખા કોરોનાએ અનેક પરિવારોને બરબાદ કરી દીધા છે. માતા-પિતા ગુમાવ્યા હોય તેવા પરિવારના બાળકોને મફત શિક્ષણ મળે તે માટે મુખ્ય મંત્રી, શિક્ષણ મંત્રીએ પણ અપીલ કરી હતી. ધનસુરા તાલુકાના અંતિસરા ગામના જગદીશભાઈ કેશાભાઈ ખાંટનું કોરોનાથી મોત નિપજ્યું. મોડાસાની જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલમાં ધો.૮માં તેમની દિકરી અભ્યાસ કરે છે તે સંચાલકોના ધ્યાનમાં આવતાં મંડળ દ્વારા તેણીનો ધો.૯ થી ૧૨ નો અભ્યાસને લગતો તમામ ખર્ચે સંચાલક મંડળે ઉઠાવવાનો નિર્ણય કરી માનવતાવાદી અભિગમ દાખવતાં જિલ્લાભરના કેળવણીકારોએ મોડાસાની જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ સંચાલક મંડળના નિર્ણયને બિરદાવ્યો છે.

કોરોનાની બીજી લહેર ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ઘાતક સાબિત થઈ. સરકારી દફતરે કોરોનાથી મૃત્યુ આંક જૂજ બતાવાયો. વાસ્તવમાં સ્થિતિ વધુ વિકરાળ હતી. ધનસુરાના અંતિસરા ગામના બક્ષીપંચ પરિવારના મોભીનું મોત નિપજ્યું. તેમની દિકરી ધ્વનિ ધો.૮ પાસ કરી મોડાસાની ઈંગ્લિશ મીડીયમ સ્કુલમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં એકાએક કાળમૂખો કોરોના પિતાને ઉપાડી ગયો. ધ્વનિ ખાંટ મોડાસા જે.બી. શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલમાં પ્રવેશ મેળવવા આવી. અંગ્રેજી માધ્યમમાં સારૂ ભણવાનો ઉત્સાહ હતો પરંતુ તેના ચહેરા ઉપર શોક છૂપાયેલો હતો. જેને પારખી ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ અને મોડાસા જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલના ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ મહેન્દ્રભાઈ પી. પટેલના ધ્યાન ઉપર આ વિગત આવતાં ધી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ પ્રમુખ નવીનચંદ્ર મોદી, માનદ્ મંત્રી પરેશભાઈ બી. મહેતા અને પ્રિન્સિપાલને વિગત જણાવી તૂરંત જ સંચાલક મંડળે દિકરીનો ધો.૯ થી ૧૨ સુધીનો અભ્યાસક્રમને લગતો તમામ ખર્ચ ઉઠાવવાનો નિર્ણય કર્યો. ધન્ય છે કેળવણી મંડળને.

શિક્ષકો જેવો જ તલાટીઓને અન્યાય

ઉત્તર ગુજરાતના ૮ તલાટીઓની જિલ્લા ફેર બદલીના હુકમો રદ

રાજ્યમાં અનેક તલાટીઓના જિલ્લાફેર બદલી ઓર્ડર કરવામાં આવ્યા હતા. પરંતુ કોરોનાના કારણે તેમને છૂટા નહીં કરી કામગીરી ચાલુ રાખવામાં આવી હતી ત્યાં એકાએક વિભાગ દ્વારા બદલીના ઓર્ડર રદ કરાતાં વતન તરફની તેમજ પસંદગીના જિલ્લાની વાટ જોતા તલાટી કમ મંત્રીઓને આંચકો લાગ્યો છે. અન્ય જિલ્લામાંથી ઉત્તર ગુજરાતમાં આવવા માગતા ૮ તલાટી કમ મંત્રીઓની જિલ્લાફેર બદલીના હુકમ રદ થયાનું જાણવા મળ્યું છે.

શિક્ષકો માટે જિલ્લાફેર બદલી કેમ્પ હોય તો હંમેશાં કોઈને કોઈ ડખો થતો હોય છે અને કાનૂની ગુંચ ઉભી થયા પછી બદલી કેમ્પ મુલત્વી રહે કાં તો ફરીથી તે યોજાતા નથી. આવી સ્થિતિ હવે તલાટી કમ મંત્રીઓના જિલ્લાફેર બદલી માટે થઈ છે. મળેલી વિગતો અનુસાર રાજ્યના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તલાટીઓને તેમના ઈચ્છીત સ્થળે માંગણી મુજબ જિલ્લાફેર બદલીના ઓર્ડર કરવામાં આવ્યા હતા. પસંદગીના જિલ્લામાં માંગણી મુજબ બદલી થતાં કર્મચારીઓ હરખાયા પરંતુ એકાએક કોરોનાનું સંક્રમણ આવ્યું જેથી બદલી થયેલા તલાટી કમ મંત્રીઓને છૂટા નહી કરવાના આદેશથી તેઓ છેલ્લા ૧૪-૧૫ મહિનાથી કામગીરીના સ્થળે રહ્યા અને કોરોનાનું સંક્રમણ ઘટતાં ઈચ્છીત સ્થળે હાજર થઈશું તેવી ખુશાલી વ્યક્ત કરતા હતા ત્યાં જ એકાએક જિલ્લાફેર બદલીના હુકમો વિભાગ દ્વારા રદ કરાતાં અન્ય જિલ્લામાંથી ઉત્તર ગુજરાતમાં આવવા ઈચ્છતા ૮ થી વધુ તલાટીઓની બદલીના હુકમો રદ થયાનું જાણવા મળ્યું છે.

રાજસ્થાનનાં સરહદી જિલ્લાના ડુંગરપુર, ઉદેપુર સહિત

સાબરકાંઠા-મહેસાણા જિલ્લાઓમાં રાત્રીના સમયે લૂંટ સહિતના આઠ ગુનાના ભેદ ખોલી બે લાખનો મુદ્દામાલ કબજે કર્યો

સાબરકાંઠા એલસીબી પોલીસને ચોરી-લૂંટના ગુના શોધવામાં સફળતા મળી, બે કિશોરો સહિત ત્રણ ઝડપાયા

હિંમતનગર તા.૧૮

સાબરકાંઠા જિલ્લા એલસીબી પોલીસને રાત્રીના સમયે ચોરી-લૂંટને અંજામ આપતી પરપ્રાંતની ચોર ટોળકીના બે કિશોરો સહિત ત્રણ શખ્સોને ઝડપી લઈ ૮ ગુનાનો ભેદ ઉકેલવમાં સફળતા મળતા રૂ.બે લાખ પાંચ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ આજરોજ અન્ય બે કિશોરો સહિત ચાર શખ્સોને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

સાબરકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર જિલ્લામાં બનતા ચોરી-લુંટના ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના આધારે એલસીબી પી.આઈ.મહિપતસિંહ .ડી.ચંપાવતની રાહબરી હેઠળ આવા ગુન્હાઓ શોધી કાઢવા પો.સ.ઇ જે.આર.દેસાઈ, તથા હે.કો.હરપાલસિંહ તથા હે.કો.કલ્પેશકુમાર સહિતના એલસીબી સ્ટાફ દ્વારા વન ઉકલ્યા ગુનાના ભેદ ઉકેલવા હાથ ધરેલી ઝુંબેશને લઈ આ સફળતા મળી છે.

રાજસ્થાનનાં સરહદી જિલ્લાના ડુંગરપુર, ઉદેપુર તેમજ

સાબરકાંઠા તથા મહેસાણા જિલ્લામાં રાત્રિનાં અંતરીયાળ રસ્તાઓ પર આતંક મચાવી લૂંટ કરતી આંતર રાજય બાઈકર્સ ગેંગના ૩ સાગરીતોને ઝડપી પોકેટકોપનો ઉપયોગ કરી હિંમતનગર ગ્રામ્ય પો.સ્ટે. અને ઈડર પો.સ્ટે.ની અનડિટેકટ લૂંટ તેમજ ઉદેપુર જિલ્લાના પહાડા પો.સ્ટે. અને મહેસાણા જિલ્લાના વિજાપુર પો.સ્ટે.ની અનડિટેકટ ચોરી સહિતની કુલ-૮ લૂંટના ગુન્હાઓનો ભેદ ઉકેલી સોના ચાંદીના દાગીના તેમજ મો.સા. મળી કિ.રૂ.૨,૦૫,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટિમ બનાવી આ ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

જેમાં આ લુંટ-ચોરીના ગુનાાઓઓ શોધી કાઢવા ટેકનીકલ સર્વેલન્સ તથા ખાનગી બાતમીદારોથી હકીકતો મેળવી અલગ અલગ દીશાઓમાં તપાસ હાથ ઘરવામાં આવેલ તે દરમ્યાન તાજેતરમાં કડોલી ગામની સીમમાં નાયબ મામલતદારની લુંટની ઘટના બનેલ તે લુંટના આરોપીઓ અંગે હે.કો.હરપાલસિંહ તથા પો.કો.નીરીલકુમાર નાઓને ટેકનીકલ સર્વેલન્સ તથા ખાનગી બાતમી આધારે સંયુકત પણે બાતમી હકીકત મળેલ કે, તે લુંટના આરોપીઓ મોટરસાઈકલો લઈ વિજાપુર તરફથી હિંમતનગર તરફ બે કાળા કલરના પલ્સર મોટરસાઈકલો ઉપર નિકળેલ છે.અને હિંમતનગર તરફ આવી રહેલ છે " જે બાતમી આધારે આર.ટી.ઓ.સર્કલ નજીક હિંમતનગર આવતા હાઈવે રોડ ઉપર ચાર રસ્તા નજીક વોચમાં રહી વિજાપુર તરફથી આવતા વાહનો ચેક કરવાનુ ચાલુ કરેલ તે દરમ્યાન બાતમી મુજબના બે કાળા કલરના પલ્સર મોટરસાઈકલો લઈ આવતા જણાતાં તેઓને કોર્ડન કરી રોકી લઈ સદરી ઈસમો પાસેથી પલ્સર મો.સા.ઓને પોકેટકોપ મોબાઈલથી ચેક કરતા ચોરી અગરતો છળકપટથી મેળવેલ હોવાની શંકા જતા પ્રવિણ કાંતીલાલ ફુલાજી કલાસવા(રહે.બીજુડા કાડેફલા તા.વિંછીવાડા જી.ડુંગરપુર.(રાજસ્થાન) તથા (૨,૩ - કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો)ને તેમની પાસેની બે પલ્સર મો.સા. તથા મોબાઈલ ફોન તથા પીળી તથા સફેદ ધાતુના દાગીના મળી આવેલ જે અંગે પુછપરછ કરતા ચોરી અગર છળકપટ થી મેળવેલ હોવાનુ જણાતા ત્રણેય ઈસમોને યુકતી પ્રયુકતીથી પુછતા તેમણે રૂ.બે લાખ પાંચ હજારની મત્તાનો ચોરી-લૂંટને અંજામ આપ્યાની કબુલાત કરી હતી.

બનાસકાંઠાના મકડાલા ગામમાં

વાલ્મીકિ પરિવારે ૧૭ લાખના દાગીના ભરેલી થેલી આપી માનવતા મહેકાવી

બનાસકાંઠા ના મકડાલા ગામ માં રાજપુત વિક્રમસિંહ પોતાની બાઈક પર ૧૭૦૦૦૦૦ જેટલી

રકમના દાગીના લઈ અને જતા હતા ત્યારે દાગીના ભરેલી થેલી બાઈક પરથી પડી ગઈ હતી બાઈક ચાલકને આ બાબતની કોઈ પણ જાણ હતી જ નહીં ત્યારે આ ગામના અત્યંત ગરીબ પરિવાર વાલ્મિકી સમાજના કેસરબેન ને આ દાગીના ભરેલી થેલી મળી હતી તેમણે દાગીના ભરેલી થેલી લઈને આસપાસ લોકો ને પૂછ્યું હતું પરંતુ કોઈ જવાબ ન મળતાં તેઓ દાગીના ભરેલી થેલી ને પોતાની સાથે ઘરે લઈ ગયા હતા ત્યારે બાઈકચાલક વિક્રમસિંહ ને ખબર પડતાં કે દાગીના ભરેલી થેલી પડી ગયેલ છે તો તેઓ નું મગજ સુન્ન થઈ ગયું હતું શું કરવું શું ના કરવું તેવી પરિસ્થિતિ થવા પામી હતી ત્યારે તેમને જાણ થઈ કે આજ ગામના વાલ્મિકી પરિવારના કેસરબેન ને દાગીના ભરેલી થેલી મળેલ છે જ્યારે બાઈક ચાલક કેસરબેન વાલ્મિકી ના ઘરે ગયો ત્યારે તેમને માન ભેર બોલાવી તેમના દાગીના ભરેલ થેલો પ રત આપ્યો ત્યારે બે ઘડી બાઈકચાલક રાજપુત વિક્રમસિંહ પણ તેમની ઈમાનદારી ને જોઈ રહ્યા હતા જ્યારે આ બાબતની જાણો ગામમાં હતા ગામના સરપંચ ગેમરભાઈ ચૌધરીએ પણ વાલ્મીકિ પરિવાર ની પ્રશંસા કરી હતી અને આજના કપ રા યુગમાં એક તરફ ર્ઝ્ઠાર્ઝ્હ ચાલી રહ્યું છે ધંધા-રોજગાર પડી ભાંગ્યા છે આવા સમયમાં બે ટંક માળ ભોજન ની વ્યવસ્થા કરનાર પરિવાર પ્રમાણિકતા નો ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું સલામ છે વાલ્મિકી પરિવારને આજના હળહળતા કળિયુગમાં પણ વાલ્મીકિ પરિવારે પ્રમાણિકતા દા ખવી માનવતા મહેકાવી છે

મેઘ મહેર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભાવનગરમાં પણ ચોમાસાની એન્ટ્રીથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જુનાગઢમાં સવારથી જ પણ ધોધમાર વરસતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું હતું. જિલ્લાના અનેક ભાગોમાં નોંધપાત્ર વરસાદ થતાં લોકોને બફારાથી રાહત મળી છે.

રાજ્યમાં ગઈકાલથી જ સારો એવો વરસાદ પડી રહ્યો છે. અમદાવાદમાં ગઈકાલે સારો એવો વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જોકે, આજે અમદાવાદમાં આ લખાય છે ત્યાં સુધી વરસાદ નથી પડ્યો, પરંતુ મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં સારો એવો વરસાદ પડી રહ્યો છે. હવામાન ખાતાની આગાહી અનુસાર આગામી દિવસોમાં રાજ્યમાં ચોમાસાનું જોર વધશે અને અનેક ભાગોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ જળવાઈ રહેશે.

ગુજરાતમાં વરસાદનું આગમન થઈ ગયુ છે. અનેક જિલ્લાઓમાં ગુરુવારથી ભારે વરસાદ ખાબકી ચૂક્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા ગુજરાતના અનેક જિલ્લાઓમાં અનેક જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં સમગ્ર રાજ્યમાં નોંધનીય વરસાદની આગાહી કરી છે. દરમિયાનમાં આજે વહેલી આણંદમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. સવારે ૬થી ૧૦ વાગ્યા સુધીના ૪ કલાકમાં ૭ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે, જેમાં ૬થી ૮ વાગ્યા સુધીમાં ૫ ઇંચ અને ૮થી ૧૦ વાગ્યા સુધીમાં ૨ ઇંચ વરસાદ નોંધાયો છે. અત્રે નોંધનીય છે કે ચોમાસુ આગળ વધી ચૂક્યું છે જેથી આગામી બે દિવસ બાદ પણ વરસાદ રહેશે પરંતુ તીવ્રતા ઓછી રહેશે. આણંદ, સુરત, ભરૂચ, વડોદરા, નવસારી, વલસાડ, ડાંગ, તાપી અને દમણ તથા નર્મદામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૪૦ થી ૫૦ પ્રતિ કિમીની ઝડપે પવન ફૂંકાશે.

આજે વહેલી સવારથી પણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં સતત વરસાદ વરસી રહ્યો છે. વલસાડ જિલ્લામાં છેલ્લા ૧૨ કલાકના વરસાદી આંકડા પર નજર કરીએ તો, ઉમરગામમાં ૨.૭૧ ઇંચ, ધરમપુરમાં ૧૩ એમએમ, પારડીમાં ૧.૯૨ ઇંચ, વલસાડમાં ૧.૮૧ ઇંચ, વાપીમાં ૨૨ એમએમ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સારા વરસાદથી ધરતી પુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે.

વાયરસ મળ્યો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ત્યારે આ વાયરસ પાણીના માધ્યમથી અનેક જગ્યાએ પ્રસરી શકે છે. આઈઆઈટી ગાંધીનગરના ભૂર્ગભ વૈજ્ઞાનિક મનીષ કુમારે આ વિશે જણાવ્યું કે, તેમાં કેટલા ટકા વાયરસ જીવતો તે હજી જાણી શકાયુ નથી. અમે પાણીનું ટેસ્ટીંગ કર્યું છે. અમારા ટેસ્ટીંગમાં એક લિટરમાં કેટલુ પ્રમાણ છે તે જાણી શકાયું છે. અમે લીધેલા સેમ્પલમાંથી ૫ સેમ્પલ પોઝિટિવ નીકળ્યા છે. અલગ અલગ દિવસોએ આ સેમ્પલ લીધા હતા. નદી અને અમદાવાદના તળાવોમાંથી આ સેમ્પલ લેવાયા હતા. આ બાદ આગળ શું કરી શકાય તે વિશે મનીષ કુમારે વધુમાં જણાવ્યું કે, પાણીમાં કેટલાક વાયરસ જોવા મળ્યા છે. જોકે, પાણીથી વાયરસનો ખતરો હોવાનું હજી સિદ્ધ થયુ નથી. પણ હજી મોનિટરિંગ કરવાની જરૂર છે. પણ જયાંથી વધુ પ્રમાણમાં પાણી લેવાય છે ત્યા ધ્યાન રાખવાની જરૂર છે, આ પાણીમાં કેટલાક ટકા વાયરસ જીવતા રહી શકે છે. તેના રિસ્ક પણ છે, પણ તે વધુ નથી. તેથી મોનિટરિંગ સિસ્ટમ અને ગાઈડલાઈન હોવી જરૂરી છે. આ મામલે સતર્ક રહેવાની જરૂર છે.

દુવિધાઓનું દંગલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભરાવો જોવા મળે છે. સેકટરોમાં માર્ગ વચાળે ગાબડા , ઠેર ઠેર ખડકાયેલા માટીના ઢગ, તુટેલી ફુટપાથ અને સાઇન બોર્ડસ ,નમી પડેલા વૃક્ષો, કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલા અને નજર નાંખો ત્યાં ખદબદતી ગંદકીથી ઘેરાયેલા સેકટરોમાં નગરજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે. પ્રિમોન્સુન પ્લાન અન્વયે કોઈ કામગીરી થઈ નથી. જયારે કોર્પોરેશને કરોડોના ખર્ચે હાથ ધરેલા વરસાદી પાણીના નિકાલની લાઈનના પૈસા પણ જાણે પાણીમાં ગયા હોય તેમ સ્પષ્ટ થઈ રહ્યુ છે. હજુ શહેરમાં ભારે વરસાદ થયો નથી. અલબત્ત વરસાદના આગમન સાથે બે ત્રણ હળવા વરસાદી ઝાપટાના અંતે જ બધુ અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. વરસાદી મોસમની શરૂઆત થી જ સેકટરોમાં નજર નાંખો ત્યાં દુવિધાઓનુ દંગલ જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ આવી જ સ્થિતિ છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારોમાં પણ સમસ્યાઓથી રહીશો ત્રસ્ત છે. કોર્પોરેશનના તંત્ર દ્વારા સફાઇ સહીત પાણીના નિકાલ માટે આગોતરુ કોઇ આયોજન કરાયુ નથી અલબત્ત લાઇનની સફાઇ પણ કરવામાં આવી નથી. એકબાજુ સ્થાનિકો માળખાગત સુવિધાના કામો પણ પુર્ણ ન થતા પરેશાન છે. ત્યારે ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે સેકટરો પણ સમસ્યાથી ઘેરાયા છે. આમપણ સ્માર્ટ સીટીની પોકાર વચ્ચે શહેરના મુખ્યમાર્ગો સુધી પણ યોગ્ય કામગીરી ન થતી હોય તો આંતરિક વિસ્તારોમાં કોઇ ડોકીયુ પણ કરતુ નથી. વરસાદી પાણીના ભરાવાના લીધે આગામી દિવસોમાં ખદબદતી ગંદકી વચ્ચે સેકટરવાસીઓ અન્ય મચ્છર જન્ય રોગચાળાનો પણ ભોગ બનશે તેવો આક્રોશ પણ નગરજનો ઠાલવી રહ્યા છે.

સ્લોટમાં વધારો કરો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ડેઝીગ્નેટેડ હોસ્પિટલની મુલાકાત પછી આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. આમ બન્ને સ્થાનો પરની સુવિધાઓને લઈ તેમણે ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

અગ્ર સચિવે વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે સ્લોટ વૃદ્ધિ કરવામાં આવે તેના પર ભાર મુક્યો હતો. તેમણે સિવિલ હોસ્પિટલના વિકાસની તકો, પડકારો વિશેની પણ વિગતો મેળવી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તત્કાલીન મુખ્ય સચિવ ડૉ. મંજુલા સુબ્રમણ્યમ પછી કોઈ સનદી અધિકારીએ ૩ કલાક જેટલો સમય ફાળવ્યો હતો તેવી ઘટના લાંબા સમય બાદ બની હતી. અગ્ર સચિવની આ મુલાકાત બાદ તંત્રમાં પણ એક નવી ચેતનાનો સંચાર થયો હોય તેવુ લાગતુ હતુ.

બનાસડેરી હવે ઘર આંગણે બટાકા પહોંચાડશે

૧૬ રૂપિયે કિલોના ભાવે ગામની દૂધ મંડળીમાંથી બટાકા ખરીદી શકાશે

સામાન્ય રીતે શાકભાજીના રાજા ગણાતા બટાકા લોકોના રસોડાનું રોજિંદુ સાધન છે. ગરીબ કે તવંગર દરેકના ભોજનમાં સમાવિષ્ટ બટાકા હવે બનાસ ડેરીના માધ્યમથી લોકો ખરીદી શકશે. બનાસ ડેરી સાથે જોડાયેલી દૂધ મંડળી પર ૧૬ રૂપિયા કિલોના ભાવથી ઉત્તમ કવોલીટીના

બટાકા વેચાણમાં મુકવાનો બનાસ ડેરીએ નિર્ણય કરતાં હવે બટાકા ગામની દૂધ મંડળીમાંથી પણ ઉપલબ્ધ બનશે. બનાસડેરી દ્વારા પાંચ કિલો ગ્રામ ની બેગ ના પેકિંગ માં દૂધ મંડળીઓને મોકલવામાં આવશે જયાંથી દૂધ ઉત્પાદકો અને સામાન્ય પ્રજા પણ બટાકા ખરીદી શકશે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં પુષ્કળ પ્રમાણમાં બટાકાનું ઉત્પાદન થાય છે તે જોતા ઉત્પાદક થી ઉત્પાદક સુધી બટાકાને પુનઃ પહોંચાડવામાં બનાસ ડેરી નું મહત્વનું યોગદાન રહેશે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે બનાસડેરી પ્રયત્નશીલ છે.